## પરિશિષ્ટઃ૨

## સર્જક સાથેની મુલાકાત

## ગુજરાતી દલિત સાહિત્યકાર  દલપત ચૌહાણ સાથેની પ્રશ્નોતરી

(કોરોનાકાળને લીધે સર્જક સાથે રુબરુ મૂલાકાત ન થઇ શકવાને કારણે એમની સાથે ઈ-મેઇલના માધ્યમ દ્વારા આ સંવાદ કરવામાં આવ્યો હતો)

પ્રશ્ન ૧.આપના વૈચારિક આદર્શ કોણ છે?

સર્જકનો જવાબઃ કોઇપણ વ્યક્તિનો વૈચારિક આદર્શ ફક્ત એક હોઇ શકે નહી. ઘણી વિચારવાન વ્યક્તિઓના વિચારો અને તેમનું ચરિત્ર વ્યક્તિના જીવનનું ઘડતર કરતું હોય છે. કાળાન્તરે વિચારોમાં ફેરફાર થાય છે. સમજદારી વધે તેમ પોતાનું વિત્ત પણ તેમાં ઉમેરાય. બાળપણમાં માર્ક્સ-એન્જલની વાતો સાંભળેલી,પછી બાબાસાહેબ આંબેડકર અને ગાંધીના  સંસર્ગમાં. વિશ્વના સાહિત્યકારોનાં પુસ્તકો અને વિચારોનો સંપર્ક થયો. એટલે કોઇ એક આદર્શ તમે કહી ન શકો.

પ્રશ્ન ૨.આપને સાહિત્ય તરફ દોરી જનારા પરિબળો જણાવો.

સર્જકનો જવાબઃ આમ તો સાહિત્ય વાંચવાનો રસ. મોટી ઉંમર સુધી ઘણું વાંચ્યું. મને સાહિત્યમાં મારી(આપણી) છાયા ક્યાંય દેખાઇ નહી. પરંતું જ્યારે દલિત સાહિત્ય અને બ્લેક સાહિત્ય વિશે જાણ્યું ત્યારે ગુજરાતીમાં પણ આવું સાહિત્ય/આપણું સાહિત્ય હોવું જોઇએ તેવો ભાવ જાણેલો અને આઠમાં દશકમાં સાહિત્ય રચવાનો મોકો મળ્યો ત્યારે તેના તરફ ખેંચાઇ ગયા. દલિત સાહિત્ય રચ્યું.

પ્રશ્ન ૩.  તમારી પ્રથમ સાહિત્યકૃતિ કઇ?

સર્જકનો જવાબઃ આમ તો કઇ કૃતિ પ્રથમ,કહી શકાય નહી. પરંતું પ્રથમ ઘણી કવિતાઓ  લખેલી. એમાંથી વ્યથા નામની કવિતા આર્તનાદ(પખવાડિક-૧૯૭૪)માં છપાઇ હતી તેને મારી પ્રથમ કૃતિ ગણું છું.

પ્રશ્ન ૪. તમારી સર્જેલી કૃતિઓમાંથી તમારી પ્રિય કૃતિ કઇ?

સર્જકનો જવાબઃ  મેં કવિતા, વાર્તા, નવલકથા, એકાંકી, નાટક, શબ્દકોશ, સાહિત્યનો ઇતિહાસ, વિવેચન, સાહિત્યિક સંપાદન, નિબંધ, પ્રવાસવર્ણન વગેરેમાં કામ કર્યુ છે. તેમાં કઇ કૃતિ ઉત્તમ કે સારી તે ન કહી શકું.મને મારી બધી રચનાઓ સારી લાગે.

પ્રશ્ન ૫. દલિત સાહિત્યની સ્થાપના માટે,ઓળખ માટે કરવામાં આવેલા શરુઆતના  સંઘર્ષો વિશે વાત કરશો.

સર્જકનો જવાબઃ જ્યારે સાહિત્યના પ્રવાહોથી ઉફરા ચાલીને કોઇ નવી સાહિત્યધારાને સાહિત્યમાં પ્રસ્થાપિત કરવાની હોય ત્યારે સંઘર્ષ કરવો જરુરી થઇ રહે છે. આ માટે સાહિત્ય લખનારા- અને સાથે સંઘર્ષ કરનાર સાહિત્યકારોનું જૂથ હોવું અનિવાર્ય છે. એક વ્યક્તિથી કોઇ નવપ્રવાહને સ્થાપિત કરી શકાતો નથી. અમે જ્યારે કવિતાના આક્રોશ(ઋતુપત્ર),કાળો સૂરજ(ઋતુપત્ર) જેવા ત્રૈમાસિકો શરુ કર્યા

ત્યારે સ્થાપિતો તરફથી વિરોધ થયો. કહેવાયું કે દલિત સાહિત્ય એવું કોઇ સાહિત્ય હોઇ જ ન શકે. અમે કવિતાઓને ચાલીઓમાં વાંચી, કવિસંમેલન કર્યા, સાહિત્ય પરિષદ અને સાહિત્યની સભા-સેમિનારોમાં દેખાવો કર્યા. મુખ્યત્વે લખનારાઓનું જૂથ વધતું ગયું. કવિતા,વાર્તા,નવલકથા,રેખાચિત્ર વગેરેના પુસ્તકો પ્રકાશિત થતાં, તેમજ સાહિત્યની સંસ્થાઓ દ્વારા આ પુસ્તકો પોંખાતાં જતાં દલિત સાહિત્ય સ્થિર થયું.

પ્રશ્ન ૬. દલિત પેંથરની દલિત આંદોલનમાં શું ભૂમિકા રહી એના પર થોડો પ્રકાશ પાડશો.

સર્જકનો જવાબઃ સવાલમાં આપણે થોડો ફેરફાર કરીએ કે દલિત પેંથરની દલિત સાહિત્યના આંદોલનમાં શું ભૂમિકા રહી. દલિત પેંથરનું આંદોલન અમેરિકામાં થયેલ બ્લેક પેંથરના આંદોલનમાંથી પ્રેરણા લઇને બન્યું. નિગ્રો ઉપરના અત્યાચાર,આર્થિક બેહાલી અને બેકારીનો પ્રતિકાર કરવા, સામાજિક,આર્થિક સમાનતા અને સ્વજાગૃતિ માટે આ આંદોલન અસ્તિત્વમાં આવેલું જ્યારે દલિત પેંથરનું આંદોલન સ્વજાગૃતિ સાથે અત્યાચારોનો પ્રતિકાર, સામાજિક સમાનતા,બાબાસાહેબની વિચારધારાને સમર્પિત, સાહિત્યની રચના, રાજકીય અધિકારોનો ઉપભોગ અને સમાનતાના હક્કની લડાઇ સાથે ઉભરી આવેલ. તેમાં કર્મશીલો અને સાહિત્યકારો સાથે હતાં. પરંતું મોટા ભાગના કવિ-લેખકો સરકારી નોકરિયાત હોવાથી અને પેંથરને રાજકીય આભા મળવાથી તેઓ દૂર થઇ સ્વતંત્ર રીતે દલિત સાહિત્યની ગતિવિધિ કરવા લાગ્યાં અને પેંથર પ્રતિકાર કરવા માટેનું પરિબળ ઊભું થયુ. જ્યારે સાહિત્યકારોએ દલિત સાહિત્યને સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો.

પ્રશ્ન ૭. ગુજરાતી અને મરાઠી દલિતસાહિત્યની દલિત ચેતનામાં કેવા પ્રકારનું અંતર છે?

સર્જકનો જવાબઃ મરાઠી દલિતસાહિત્ય એ બાબાસાહેબ આંબેડકરની વિચારધારાને વરેલું છે. તેમાં પેન્થરની ઉગ્રતા પણ સ્વીકારાઇ અને પ્રતિશોધ અને પ્રતિરોધનું સાહિત્ય રચાયું. જ્યારે ગુજરાતી સાહિત્યમાં બાબાસાહેબની વિચારધારા તો છે, તેમ છતાં ત્યાં ક્યાંક ગાંધીની જમણેરી વિચારધારા પણ તેમાં સ્વીકારાઇ છે. સ્થળકાળ અને વાતાવરણ પ્રમાણે સાહિત્યની રચના થતી હોય. તેનું વાતાવરણ તેના લીધે બંધાતું હોય. ગુજરાતનું સમન્વયવાદી વાતાવરણ પણ બન્ને સાહિત્ય વચ્ચે આછી ભેદરેખા દોરે છે. પરંતું તેમાં દલિત જીવનને બહેતર બનાવવાનો સંદેશ નિહિત છે.

પ્રશ્ન ૮.દલિત,ઓબીસી,આદિવાસી અને નારી વિમર્શને આવરી લેતી બહુજન સાહિત્ય એવી પરિભાષા આજકાલ સાંભળવામાં આવે છે એના વિશે આપનું શું માનવું છે?

સર્જકનો જવાબઃ દલિત શબ્દમાં આ તમામ પીડિત જાતિઓ આવી જાય એટલે તેમના સાહિત્યને બીજું કોઇ નામ આપવું યોગ્ય નથી.

પ્રશ્ન ૯.દલિત સાહિત્યસંઘના આપ કન્વીનર રહ્યાં છો;આપનો અનુભવ કેવો રહ્યો?

સર્જકનો જવાબઃ દલિત સાહિત્ય સંઘના કન્વીનરનું કાર્ય દલિત સાહિત્યનો પ્રચાર, પ્રસાર અને લોકો સુધી આપણી વાત પહોચાડવાની છે. જે કાર્ય સુપેરે ચાલી રહ્યું. સોથી વધારે સાહિત્યકાર આજકાલ દલિત સાહિત્ય લખે છે અને નવા આવનારાયે અછડતું દલિત સાહિત્ય તરફ જૂએ છે. જે આનંદની વાત છે. અત્યાર સુધીમાં અંદાજે સોથી વધારે વિદ્યાર્થીઓ દલિત સાહિત્યને વિષય બનાવી પીએચ.ડી થયા છે. તેનાથી મોટો અનુભવ શું હોય, અને એમ.ફીલ થનાર વિદ્યાર્થીઓની તો ગણતરી જ નથી.

પ્રશ્ન ૧૧. દલિત સાહિત્યની ઓળખ શું છે.દલિત સાહિત્ય તમે કોને ગણશો !

સર્જકનો જવાબ:દલિત સાહિત્યની ઓળખ માટે ઘણાં સાહિત્યકારોએ પોતાને યોગ્ય લાગે તે રીતે તેની વ્યાખ્યા અને ઓળખ દર્શાવી રહ્યાં છે. પરંતુ સામાન્ય રીતે કહી શકાય કે જે સાહિત્ય દલિત જીવન પર આધારિત હોય અને તેના વિશે દલિત સાહિત્યકારે કે અન્ય કોઇ સાહિત્યકારે લખ્યું હોય તેમાં દલિત સંવેદના,આશા,આકાંક્ષા,મહત્વાકાંક્ષા ને નવજીવનનો માર્ગ પ્રસસ્ત કરવા માટે માર્ગ ઈંગિત કરતું હોય તેને દલિત સાહિત્ય કહી શકાય.

પ્રશ્ન ૧૨.સામાજિક આંદોલનરુપે અસ્તિત્વમાં આવેલ દલિત સાહિત્યની આજે ચોથા-પાંચમાં દાયકે સામાજિક આંદોલનમાં શી ભૂમિકા છે?

સજર્કનો જવાબ:દલિત સાહિત્ય લખવામાં આંદોલનની વાત કરે છે. નવસર્જન અને આગેકૂચની વાત કરે છે. પરંતુ સાહિત્યકાર આંદોલનથી વિમુખ થઇ ગયો છે,અને પહેલાં જેવા આંદોલન થયાં તેવા આંદોલન હવે થાય તેવાં એંધાણ દેખાતા નથી.

પ્રશ્ન ૧૩.દલિત સાહિત્યની જગ્યાએ આંબેડકરી દલિત સાહિત્યધારા નામકરણ તમારી દષ્ટિએ કેટલું ઉચિત છે?

સર્જકનો જવાબ: ડૉ.બાબાસાહેબે જ દલિત સાહિત્ય એવું નામકરણ કરેલું છે પછી  નામ બદલવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૧૪.દલિત સાહિત્ય સામે આજે કયા પડકારો છે?

સર્જકનો જવાબ: દલિત સાહિત્યને પ્રકાશન,પ્રચાર,પ્રસારની જરુર છે. જે યોગ્ય સમયે થતું નથી જેથી સાહિત્યકારોમાં નિરાશા પ્રવર્તે છે.

પ્રશ્ન ૧૫.શું દલિત સાહિત્યમાં જૂથબંધી છે?

સર્જકનો જવાબ: એકલા દલિત સાહિત્યમાં શા માટેબધે જ જૂથબંધી જણાય છે.

પ્રશ્ન ૧૬. દલિત સાહિત્યના ભાવિ વિશે આપનું શું માનવું છે?

સર્જકનો જવાબ: સાહિત્યપ્રવાહને પોતાનો સમયગાળો હોય છે.પરંતુ દલિત સાહિત્ય માટે એમ કહી શકાય કે જ્યાં સુધી અસ્પૃશ્યતા સમાજમાં રહેશે ત્યાં સુધી દલિત સાહિત્ય લખાતું રહેશે. અને જ્યાં સુધી નવા સાહિત્યકાર આવતા રહેશે ત્યાં સુધી  દલિત સાહિત્યનું ભાવિ ઉજ્વળ છે.

પ્રશ્ન ૧૭. પરિવારમાં આપના સિવાય સાહિત્ય જગતમાં કોઇએ લેખનકાર્ય કર્યુ છે?

સર્જકનો જવાબ: ચારુલકુમાર ચૌહાણે વીર માયા અમર ચરિત્ર લખ્યું છે. ચારુલકુમાર મારા પુત્ર છે.

પ્રશ્ન ૧૮. વીર માયા અમરચરિત્ર ચારુલ ચૌહાણ દ્બારા લખાયેલું છે. આ પુસ્તકમાં વીર માયાના ઈતિહાસ સાથે ચેંડા કરવામાં  આવ્યાં છે એવો આરોપ શંકર પેંટરે લગાવ્યો છે? તે કેટલું યોગ્ય છે?

સર્જકનો જવાબ:શંકર પેન્ટરમાં સમજદારી-સંશોધનનો અભાવ છે.

પ્રશ્ન ૧૯. દલિત સામયિક/પત્રકારત્વની હાલની સ્થિતિ વિશે તમારે શું કહેવું છે?

સર્જકનો જવાબ: દલિત સામયિક અને પત્રકારત્વ વિશે ના બોલાય તો સારું. ગંભીર સ્થિતિ છે.

પ્રશ્ન ૨૦. સાંપ્રત સમયમાં દલિત સાહિત્ય સર્જન કરનારા નવસર્જકોમાંથી તમને ગમતા નવોદિત સર્જકો વિશે આપનું શું કહેવું છે?

સર્જકનો જવાબ: બધા સર્જકો લખે છે પોત પોતાની રીતે અને ગમતા-નગમતાનું કહીએ એ બરાબર નથી

દલપત ચૌહાણ

૯૨૮/૨ સેક્ટર ૭/સી

ગાંધીનગર-૩૮૨૦૦૭

(મો)૯૪૨૯૭૨૩૭૫૨

તા.૩/૬/૨૦૨૧